**આરોપી સબ્બીરહુસેન ઉર્ફે તૌફીક ઉર્ફે પપ્પુ સ/ઓ મુખ્તિયારભાઈ શેખની જામીન મુકત થવા અંગેની અરજી હેઠળ હુકમ**

(૧). સાંભળ્યા. આરોપી તરફે રજુ થયેલ હાલની જામીનમુકત થવા અંગેની અરજી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રી તરફે રજુઆત છે કે, આ કામના આરોપીને ખોટી રીતે ગુન્હાના કામે સંડોવી દીધેલ છે. આરોપી અમદાવાદના કાયમી રહેવાસી છે અને સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે. આક્ષેપીત ગુન્હાઓની ટ્રાયલ ચલાવવા આ અદાલતને હકુમત રહેલ છે. આરોપી કયાંય નાસી ભાગી જાય તેવા વ્યકિત નથી. ટ્રાયલ સમયે તેઓની હાજરી મળી શકે તેમ છે. નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તેમજ જામીન રજુ કરવા તૈયાર અને ખુશી છે. તેથી યોગ્ય શરતો લાદીને આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૨) વિ.એ.પી.પી.શ્રી તરફે રજુઆત છે કે, આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું તહોમત જોતાં ગંભીર પ્રકારના ગુન્હાના આક્ષેપો છે. આરોપી જીવતી ભેંસ નંગ-૪ તેમજ પશુમાંસ તેમજ કતલ કરવાના સાધનો સાથે મળી આવેલ છે. ગુન્હાની ગંભીરતા જોતાં હાલના આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩). ઉપરોકત વિગતે બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી. આરોપી સામેના આક્ષેપીત ગુન્હાઓનું તહોમત, સંભવિત સજાની જોગવાઈ, ગુન્હાની ગંભીરતા, ફરીયાદની હકીકતો તેમજ આરોપીઓના વિ.વ.શ્રીની રજુઆતો ધ્યાને લેતાં આરોપી સામે પશુ સંરક્ષણ અધિનિયમની કલમ-૫-૬-૭-૮-૧૦, બી.પી.એમ.સી.એકટની કલમ-૩૩૫-૩૯૨ મુજબના ગુન્હાના આક્ષેપો છે. આરોપી અમદાવાદના રહેવાસી છે અને ટ્રાયલ સમયે તેઓની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ છે. આક્ષેપીત ગુન્હાની ટ્રાયલ ચલાવવા આ અદાલતને હકુમત રહેલ છે. ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના જામીન અરજીના તબકકે ધ્યાનમાં રાખવાપાત્ર સિધ્ધાંતો ધ્યાને લેતાં, આરોપીની ટ્રાયલ સમયે હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ હોય ત્યારે યોગ્ય શરતો લાદીને મોટી રકમના જામીન ઉપર મુકત કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાઈ આવે છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

- આ કામના અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.
- આ કામના અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

૧. ફરીયાદપક્ષના સાહેદો કે પુરાવા સાથે ચેડા કરવા નહી કે તેઓને લોભ, લાલચ, ધમકી આપી ફોડવા પ્રયત્ન કરવો નહી કે પુરાવાનો નાશ કરવા પ્રયત્ન કરવો નહી.

૨. આરોપીએ તેઓની સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો નહી.

૩. ગુન્હાનું પુનરાવર્તન કરવું નહી.

૪. તપાસ કરનાર અમલદારને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવો.

૫. દર મહિનાના પ્રથમ સોમવારે સંબંધિત પો.સ્ટે.માં સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ સુધીમાં ચાર્જશીટ રજુ થતાં સુધી હાજરી પુરાવવી.

૬. અત્રેની કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૭. આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો દિન-૭માં અત્રેની અદાલતમાં જમા કરાવવો તેમજ ન ધરાવતાં હોય તો તે અંગે સોગંદનામું રજુ કરવું.

૮. જામીનદાર તથા આરોપીએ પોતાના રહેઠાણનું કાયમી સરનામું, આધાર પુરાવા તેમજ મોબાઈલ નંબર સહિતનું પુરસીસથી જાહેર કરવું તેમજ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

ઉપરોકત શરતોનો ભંગ થયેથી જામીન રદ થઈ શકશે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ:- અમદાવાદ.
તા.૧૮/૦૪/૨૦૨૩.

(ડી.આર.જોષી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૪૫.

P.A.(Grade-II),
G.C.CHAUHAN

......